ક્રમાંક :- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૨૪/૦૯
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૦ /૦૩/૨૦૧૪
૦૫

## // પરિપત્ર //

વિષય :- નિગમ ધ્વારા કરવામાં આવતા તબદીલીના શરતી હુકમની શરતોમાંની નાણાંકીય સિવાયની બાકી રહેલી અન્ય શરતોની પુર્તતા સંદર્ભે થતા વિલંબને નિયમિત કરવા તથા તે બાબતે જારી કરવાના થતા આખરી તબદીલી હુકમને મંજૂરી આપવા બાબત

સંદર્ભ : (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૪/૨૩, તા. ૨૧/૦૮/૨૦૧૨.

(૨) નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસારા થયેલ ઠરાવ ક્રમાંક : ૧૨૨/વિતરણ/૪૭૫/૨૦૧૩.

નિગમ ધ્વારા જારી કરવામાં આવતા તબદીલીના શરતી હુકમની શરતોમાંની નાણાંકીય સિવાયની બાકી રહેલ અન્ય શરતોની પુર્તતા સંદર્ભે થતા વિલંબને નિયમીત કરવા તથા તે બાબતે જારી કરવાના થતા આખરી તબદીલી હુકમને મંજૂરી આપવા અંગે ઉપરોક્ત સંદર્ભ - ૨ થી પસાર કરવામાં આવેલ ઠરાવ અનુસાર જે કિસ્સાઓમાં કામચલાઉ શરતી તબદીલી હુકમ જારી કરવામાં આવેલ હોય અને તેની સિવાયની બાકી રહેલ અન્ય શરતોની પુર્તતા સંદર્ભે થતા વિલંબ માટે નીચે મુજબની નીતિને અમલમાં મુકવાનુ નક્કી કરવામાં આવ્યુ.

(૧) નિગમની પ્રવર્તમાન નીતિ પ્રમાણે કામચલાઉ તબદીલી શરતી હુકમ જારી કર્યા પછી દસ્તાવેજી તેમજ નાણાંકીય પુર્તતા કરવા માટે આપેલ સમયમર્યાદા દરમ્યાન જો ફાળવણી દરમાં વધારો થાય, પરંતુ ફાળવણીદાર ધ્વારા જો નિંયત સમયમર્યાદામાં કામચલાઉ શરતી તબદીલી હુકમની પુર્તતા કરેલ હોય તો, તેઓને ભાવવધારો લાગુ પાડવાનો રહેશે નહી.

(૨) કામચલાઉ શરતી તબદીલી હુકમની સમય મર્યાદામાં નાંણાકીય તેમજ દસ્તાવેજી પુર્તતા કરી દેવામાં આવેલ હોય, પરંતુ કોઈ કારણોસર નિગમ ધ્વારા ભાવવધારા પહેલા કામચલાઉ તબદીલી શરતી હુકમ પુન: જીવીત કરી, આખરી તબદીલી હુકમ જારી કરવાની કાર્યવાહી થઈ શકેલ ન હોય, તેવા કિસ્સામાં ભાવવધારા પહેલા ફાળવણીદાર ધ્વારા જરૂરી તમામ પુર્તતા થઈ ગયેલ હોવાથી તેઓને નવો ફાળવણીદર લાગુ પાડી શકાશે નહી.

(૩) ફાળવણીદાર ધ્વારા તબદીલીના શરતી હુકમમાં જણાવેલ તમામ પૂરેપૂરી રકમ સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ હોઇ, અને તે તારીખ સુધીની ફાળવણીદારની નિગમની અન્ય બાકી રહેતી રકમ ઉપર વ્યાજની રકમ પણ ભરપાઈ કરેલ હોય તો તેવા સંજોગોમાં કામચલાઉ તબદીલી શરતી હુકમ તેની મૂળ શરતો પ્રમાણે પુન:જીવીત કરી આખરી તબદીલી હુકમ જારી કરતી વખતે જો ફાળવણીદાર ધ્વારા ફક્ત વહીવટી બાબતો એટલે કે કંપનીનુ મેમોરેન્ડમ ઓફ એસોસીએશન, આર્ટીકલ્સ ઓફ એસોસીએશન, કંપનીનુ જીઆઇડીસી પાસેનુ નો ડ્યુઝ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજો જેવા કે, શરતી તબદીલી હુકમ સાથે વેચનાર તથા ખરીદનાર ધ્વારા કાર્યાન્વિત કરીને પરત લેવાના હોય તેવા દસ્તાવેજો આપવા બાબતે જો વિલંબ થયેલ હોય અને તે સમય દરમ્યાન નિગમ ધ્વારા ફાળવણી દરમાં ભાવવધારો થયેલ હોય તો તે ભાવવધારો આ પ્રકારના તબદીલી અંગેના કિસ્સાઓમાં લાગુ કરવાનો રહેશે નહી.

તબદીલીના ઉપરોક્ત ત્રણેય પ્રકારના કિસ્સાઓમાં વિલંબિત સમયને નિયમિત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની સત્તા ઉપા. અને વ.સં.શ્રી હસ્તક હોઇ દરખાસ્ત વડી કચેરીએથી મંજુર કરાવવાની રહેશે.

આ ઉપરાંત વિભાગીય પ્રબંધકશ્રી ધ્વારા જારી કરવામાં આવેલ કામચલાઉ શરતી તબદીલી હુકમની તમામ નાણાંકીય પુર્તતા ફાળવણીદાર સમય મર્યાદામાં કરે તે અચુક પણે જોવાનુ રહેશે.

(૪) જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા કામચલાઉ શરતી તબદીલી હુકમની સમય મર્યાદામાં દસ્તાવેજી પુર્તતા પૂર્ણ કરવામાં આવેલ હોય, પરંતુ નાણાંકીય પુર્તતા પૂર્ણ કરવામાં આવેલ ન હોય અથવા કામચલાઉ શરતી તબદીલી હુકમની નાણાંકીય કે દસ્તાવેજી પુર્તતા પૂર્ણ કરવામાં આવેલ ન હોય અને તેવા સંજોગોમાં જો ફાળવણી દરમાં વધારો થાય તો આ પ્રકારના તબદીલી હુકમને પુન:જીવીત કરતી વખતે નવો ફાળવણી દર લાગુ કરવાનો રહેશે અને તેની મંજૂરીની કાર્યવાહી ઉપા. અને વ.સં.શ્રીને હસ્તક હોઇ દરખાસ્ત વડી કચેરીએથી મંજુર કરાવવાની રહેશે.

(૫) ઘણા કિસ્સાઓમાં કામચલાઉ શરતી હુકમ જારી કરતા પહેલા સામાન્ય પત્ર ધ્વારા ફાળવણીદારને સૂચિત તબદીલી પેટે ભરવાના થતા નાંણા ભરવા માટેની જાણ કરવામાં આવેલ હોય ફાળવણીદાર ધ્વારા આવા પત્ર અન્વયે ભરવાની થતી રકમ ભરપાઈ કરવામાં આવેલ હોય પરંતુ નિગમ ધ્વારા તબદીલી હુકમ જારી કરવામાં આવે તે પુર્વે ફાળવણી દરમાં વધારો થવાથી ફાળવણીદાર પાસેથી નવા ફાળવણી દર મુજબ વધારાના રકમની માંગણી કરવામાં આવતી હોય છે. આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે કિસ્સાઓમાં ફાળવણીદારને સામાન્ય પત્ર ધ્વારા સૂચિત તબદીલી પેટે ભરવાની થતી રકમની જાણ કરવામાં આવેલ હોય અને ફાળવણીદાર ધ્વારા આવા નાંણા પૂરેપૂરા ભરપાઈ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં ફાળવણીદારને નવો ફાળવણી દર લાગુ કરવાનો રહેશે નહી. ઉપરાંત તે પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આજ પછી નિગમની કોઈ પણ ક્ષેત્રિય કચેરી ધ્વારા તબદીલીના કિસ્સામાં સામાન્ય પત્ર ધ્વારા તબદીલી પેટે વસૂલવાની થતી રકમની જાણ ફાળવણીદારને કરવાની રહેશે નહી. પરંતુ ફક્ત કામચલાઉ શરતી તબદીલી હુકમ ધ્વારા જ આવી રકમની માંગણી કરવામાં આવશે.

ઉપરોક્ત નીતિ પરિપત્ર જારી કર્યાની તારીખથી અમલમાં આવશે. અમલની તારીખે નિગમ સમક્ષ ઉપર પ્રમાણેના જેટલા કિસ્સાઓમાં તબદીલીના આખરી હુકમો થવાના બાકી હશે તેઓને પણ આ નીતિ લાગુ પડશે. જે કિસ્સાઓમાં તબદીલીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય અને તબદીલીના આખરી હુકમ જારી કરી દેવામાં આવેલ હોય તેવા કિસ્સાઓને આ નીતિ અંતર્ગત ખોલવાના રહેશે નહી.

ઉપરોક્ત કિસ્સાઓમાં તબદીલી અંગે વિલંબને નિયમિત કરવા અંગેની સત્તા ઉપા. અને વ.સં.શ્રી હસ્તક હોય દરખાસ્ત મંજૂરી અર્થે વડી કચેરીએ મોકલવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ....... જાણ સારુ.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો............ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઇડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ:
(signature)
જનરલ મેનેજર (ઈ.એન્ડએ.)